દાખલતારીખ : ૦૬/૦૧/૨૦૨૧
નોંધ્યા તારીખ: ૦૬/૦૧/૨૦૨૧
ફેસલ તારીખ : ૧૦/૦૭/૨૦૨૧
સમયગાળો : વર્ષ – માસ– દિવસ.

सत्य मेव जयते

**દાહોદના મે. ત્રીજા.એડીશ્નલ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં,મુ.દાહોદ**

**ફોજદારી કેસ નંબર :–૫૩/૨૦૨૧**
આંક :–

ફરિયાદી :– ગુજરાત સરકાર

**વિરુધ્ધ**

આરોપી :– મુકેશભાઈ પીદીયાભાઈ મેડા
ઉ.વ. ૩૩, ધંધો– ડ્રાયવીંગ,
રહે. ખંગેલા, સીમલખેડી ફળીયા, તા.જી.દાહોદ

**ગુનો :– ભારતીય દંડ સંહીતા કલમ ૨૮૩ મુજબ...**

**// ઠરાવ //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં બતાવેલ તારીખ, સમય અને સ્થળે પોતાના કબજાનો વાહન જાહેર રોડ ઉપર આવતા જતા વાહન ચાલકોને તેમજ રોડ ઉપર આવતા જતા રાહદારીઓને અડચણરૂપ થાય એ રીતે ઉભો રાખી ગુન્હો કરતા પોલીસે અટક કરેલ અને ત્યારબાદ ગુનાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ હેઠળ તેમની સામેના કેસના પોલીસ પેપર્સના કાગળોની નકલ આપવામા આવેલ. આજરોજ આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે. ત્યારબાદ પ્લી રેકર્ડ કરતાં આરોપી તેઓની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીએ અને તેઓના

વિ.વ.શ્રીએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, તે ગરીબ વર્ગના માણસ છે, ડ્રાઈવીંગ કરી ખુદનું તેમજ પરીવારનું ગુજરાન ચલાવે છે. વધુમાં જણાવેલ છે કે પરીવારની જવાબદારી આરોપીના શીરે છે. વિશેષમાં એવુ પણ જણાવેલ છે કે પ્રથમવારનો ગુન્હો છે અને ફરી આવો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપેલ છે અને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા જણાવે છે. જેથી દયાભર્યો હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે પોતાની વિરુધ્ધનો ગુનો કબૂલ કરે છે. આમ, આરોપીની સદર ગુના કબુલાત સાચી અને સ્વૈચ્છીક હોઈ સદર કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમા, ના. સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સુખદેવ સિંહ અને અન્ય ૧૯૯૨ (૩) એસસીસી ૭૦૦ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ન્યાયીક કાર્યવાહીના કોઈપણ તબકકે આરોપી દ્રારા સ્વેચ્છાએ ગુનાની કબુલાત થઈ શકે અને તે કબુલાત ઉપર આધાર રાખી શકાય છે.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નં.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરલાલ હરીચંદજી ઠાકોરનાં કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને નજર સમક્ષ રાખતા આરોપીની સદર સ્વૈચ્છીક કબુલાત, ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાવે છ. તે સંજોગોમા ગુના અંગે સજાની જોગવાઈ, કેસની હકકીત અને સંજોગો ધ્યાને લેતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તવું અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૨ અન્વયે આરોપી મુકેશભાઈ પીદીયાભાઈ મેડાને તેઓની વિરૂધ્ધના ભારતીય દંડ સંહીતા કલમ ૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી, રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા) નો દંડ કરવામાં આવે છે. દંડની રકમ જમા કરાવવામાં કસુર કર્યેથી દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તા.૧૦મી માહે જુલાઈ સને ૨૦૨૧ ના રોજ સ્પેશ્યલ સિટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧
દાહોદ.

(એસ.જી.શેખ)
ત્રીજા એડીશ્નલ જયુડી.મેજી.ફ.કલાસ
દાહોદ
કોડ જીજે ૦૧૬૧૫